सत्यमेव जयते

કેસ દાખલ તારીખઃ 01/12/2017
રજી.થયા તારીખઃ 01/12/2017
ફેસલ કર્યા તારીખઃ 11/02/2019
સમય ગાળોઃવર્ષ ... માસ .... દિવસ ....

અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ
નંબરઃ૦૯માં.,મુ.અમદાવાદ

ફો.કે.નંબરઃ ૭૫૪૦૭/૨૦૧૭.
<u>આંક-....</u>

ફરીયાદીઃ- શ્રી સરકાર.
( ભરતભાઈ હરીજીભાઈ રબારી )

<u>વિરૂદ્ધ.</u>

આરોપીઃ-
(૧) રાજેશભાઈ ઉર્ફે ભુરીયો સ/ઓ પ્રવિણભાઈ સોલંકી
રહે- મ.નં.૨૧, ઓમ કારેશ્વર સોસાયટી, પરષોત્તમ નગર ની સામે, ચાણક્યપુરી, ઘાટલોડીયા, અમદાવાદ.
(૨) ચંપાબેન ડો/ઓ પ્રવીણભાઈ રણછોડભાઈ સોલંકી.
રહે-મ.નં.ઈ/૪ તેજેન્દ્ર ફ્લેટ, રમણીમાતાના મંદિરની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ.
(૩) પ્રવિણભાઈ રણછોડભાઈ સોલંકી.
રહે- મ.નં.ઈ/૪ તેજેન્દ્ર ફ્લેટ, રમણીમાતાના મંદિરની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ.
(૪) મનોજ સ/ઓ પ્રવિણભાઈ રણછોડભાઈ સોલંકી.
રહે- મ.નં.૨૧, ઓમ કારેશ્વર સોસાયટી, પરષોત્તમ નગર ની સામે, ચાણક્યપુરી, ઘાટલોડીયા, અમદાવાદ.

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી કે.વી. ઉપાધ્યાય.
આરોપી તરફે વિ.વ.શ્રી ડી.બી.રાવલ

## ગુનો– ઈ.પી.કો. કલમઃ ૩૩૭, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ.

## –ઃ જ જ મે ન્ટ ઃ–

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓ શાત્રીનગર શાક માર્કેટ જાહેર રોડ પર શાકભાજીની જુદી જુદી લારીઓ ધરાવી વેપાર ધંધો કરે છે અને ફરિયાદી આ લારીઓ પર રાત્રી સમયે લાઈટ સારૂ ની બેટરીઓ આપવાનો ધંધો કરે છે આ ધંધો પહેલા સાહેદ નંબર–૧૦સંભાળતા હતા અને ફરિયાદી ને પોતાનો ધંધો વેચાણ કરી દિધેલ હોય જેથી તારીખ ૩.૮.૨૦૧૭ ના કલાક ૧૯.૩૦ વાગે આ કામના ફરિયાદી તથા સાહેદ નબંર–૧૦ નાઓ શાસ્ત્રીનગર શાક માર્કેટ ગયેલા અને આ કામના આરોપી નં–૩ નાએ માર્કેટ માં ધંધો કરવા સારુ પૈસાની માંગણી કરેલ હોય જે બાબતે બોલાચાલી ઝગડો થતા આ કામના આરોપીઓ એકસંપ થઈ જઈ ફરિયાદી તથા સાહેદ નંબર–૧૦ ને જેમફાવે તેમ બિભત્સ ગાળો બોલવા લાગેલ અને બંને પક્ષ વચ્ચે ઝગડો થથા પોતાની શાકભાજીની લારીઓ માથી છુટા બાટ, ત્રાજવા તથા શાકભાજી મારવા લાગેલ જેમા આરોપી નબંર–૩ નાએ છુટ્ટુ ત્રાજવુ મારતા ફરિયાદીને કપાળના ભાગે મારી લોહી નિકળી ઈજા પહોચાડેલ.

જે અંગેની ફરિયાદ ફરિયાદીએ સંબંધિત પો.સ્ટે.માં નોંધાવતા, સદર ફરિયાદ નોંધી લેવામાં આવેલ અને ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ

કરવા માટે ડેપ્યુટ થતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરિયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આરોપી સામે તપાસ કરતાં, પુરતો પુરાવો મળી આવતા, તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે ઈ.પી.કો કલમઃ ૩૩૭, ર૯૪(ખ), ૧૧૪ મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(ર) આરોપી સામે વિધિસર સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમઃ ર૦૭ અન્વયે આરોપીને તપાસ અન્વયેનાં પોલીસ દસ્તાવેજો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આંકઃ ૦ર થી ૦પ આરોપીઓનું નિવેદન નોંધતા, આરોપીઓ દ્વારા ગુનાનો ઈન્કાર કરવામાં આવેલ અને ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો રજુ કરવામાં આવેલો.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| <u>(એ) મૌખિક પુરાવાઓ</u> | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| 1 | ભરતભાઈ હરીજીભાઈ રબારીની જુબાની | 12 |
| 2 | ધવલ ચંદ્રકાંત પટેલની જુબાની | 15 |

| <u>(બી) દસ્તાવેજી પુરાવાઓ</u> | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| 1 | ફરીયાદ | 13 |
| 2 | પંચનામું ઝેરોક્ષ | 16 |

(૪) ઉપર મુજબનો પુરાવો પૂરો થયા બાદ ફરિયાદપક્ષ તરફે આંકઃ૧૭ થી પુરાવા બંધ પુરસીસ આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામે એફ.એસ. લાયક પુરોવો ના

હોય, તેઓના ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનાં નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સરકાર પક્ષ તરફે તથા આરોપીઓ તરફે દલીલ કરવામાં આવેલ.

(૫) સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો તેમજ રેકર્ડ ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૪(૧)(બી) અન્વયે ન્યાયીક નિર્ણય અર્થે નિચે મુજબનાં મુદ્દા ઉત્પન્ન થાય છે.

**–૦ મુદ્દા ૦ –**

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ શાત્રીનગર શાક માર્કેટ જાહેર રોડ પર શાકભાજીની જુદી જુદી લારીઓ ધરાવી વેપાર ધંધો કરે છે અને ફરિયાદી આ લારીઓ પર રાત્રી સમયે લાઈટ સારૂ ની બેટરીઓ આપવાનો ધંધો કરે છે આ ધંધો પહેલા સાહેદ નંબર–૧૦સંભાળતા હતા અને ફરિયાદી ને પોતાનો ધંધો વેચાણ કરી દિધેલ હોય જેથી તારીખ ૩.૮.૨૦૧૭ ના કલાક ૧૯.૩૦ વાગે આ કામના ફરિયાદી તથા સાહેદ  નાઓ શાસ્ત્રીનગર શાક માર્કેટ ગયેલા અને આ કામના આરોપી નં–૩ નાએ માર્કેટ માં ધંધો કરવા સારુ પૈસાની માંગણી કરેલ હોય જે બાબતે બોલાચાલી ઝગડો થતા આ કામના આરોપીઓ એકસંપ થઈ જઈ ફરિયાદી તથા સાહેદ  ને જેમફાવે તેમ બિભત્સ ગાળો બોલવા લાગેલ અને બંને પક્ષ વચ્ચે ઝગડો થથા પોતાની શાકભાજીની લારીઓ માથી છુટા બાટ, ત્રાજવા તથા શાકભાજી મારવા લાગેલ જેમા

આરોપી નબંર–૩ નાએ છુટ્ટુ ત્રાજવુ મારતા ફરિયાદીને કપાળના ભાગે મારી લોહી નિકળી ઈજા પહોચાડેલ. તેમ કરી આરોપીઓ દ્ધારા ભારતીય દંડસહિંતાની કલમઃ ૨૯૪(ખ), ૩૩૭, ૧૧૪ મુજબનો ગુનો કરેલ?

(૨) શું હુકમ ?

(૬) ઊપરોકત મુદ્દા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ–</u>**

<u>મુદ્દા નંબરઃ–૧.</u>

(૭.૧) ફરિયાદપક્ષની હકીકત અન્વયે આ કામના આરોપીઓ શાત્રીનગર શાક માર્કેટ જાહેર રોડ પર શાકભાજીની જુદી જુદી લારીઓ ધરાવી વેપાર ધંધો કરે છે અને ફરિયાદી આ લારીઓ પર રાત્રી સમયે લાઈટ સારૂ ની બેટરીઓ આપવાનો ધંધો કરે છે આ ધંધો પહેલા સાહેદ નંબર–૧૦સંભાળતા હતા અને ફરિયાદી ને પોતાનો ધંધો વેચાણ કરી દિધેલ હોય જેથી તારીખ ૩.૮.૨૦૧૭ ના કલાક ૧૯.૩૦ વાગે આ કામના ફરિયાદી તથા સાહેદ નબંર–૧૦ નાઓ શાસ્ત્રીનગર શાક માર્કેટ ગયેલા અને આ કામના આરોપી નં–૩ નાએ માર્કેટ માં ધંધો કરવા સારુ પૈસાની માંગણી કરેલ હોય જે બાબતે બોલાચાલી ઝગડો થતા આ કામના આરોપીઓ એકસંપ થઈ જઈ ફરિયાદી તથા સાહેદ નંબર–૧૦ ને જેમફાવે તેમ બિભત્સ ગાળો બોલવા લાગેલ અને બંને પક્ષ વચ્ચે ઝગડો થથા પોતાની શાકભાજીની લારીઓ માથી છુટા બાટ, ત્રાજવા તથા શાકભાજી મારવા લાગેલ

જેમા આરોપી નબંર–૩ નાએ છુટ્ટુ ત્રાજવુ મારતા ફરિયાદીને કપાળના ભાગે મારી લોહી નિકળી ઈજા પહોચાડેલ. તેમ કરી આરોપીઓ દ્વારા ભારતીય દંડસહિંતાની કલમઃ ૨૯૪(ખ),૩૩૭, ૧૧૪ મુજબનો ગુનો કરેલ જે મતલબનું ત.ક.અ. દ્વારા ચાર્જશીટ દાખલ કરેલ.

(૭.૨) સદર કામ અન્વયે આંક–૧૨ થી ભરતભાઈ હરજીભાઈ રબારી નાઓને તપાસવામાં આવેલ છે જેઓ દ્વારા જણાવેલ છે કે, આ બનાવ તારીખ ૩.૮.૨૦૧૭ ના રોજ શાસ્ત્રીનગર શાક માર્કેટ પાસે સાંજના સુમારે બનેલ હતો. આરોપીઓ શાકભાજી નો ધંધો કરે છે અમારે સામાન્ય બાબતે મતભેદ થતા બોલાચાલી થયેલ હતી તે સીવાય કાઈ બનેલ નથી. આ બનાવની મે ફરિયાદ આપેલ હતી જે ફરિયાદમાં મારી સહી છે. સદર કામે ફરિયાદી ફરિયાદી ની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ તેમજ સરકારપક્ષે એપીપી શ્રી દ્વારા ઉલટ તપાસ માં પુછી શકાય તેવા સુચીત પ્રશ્નો પુછતા તેમા પણ ફરિયાદને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નહિ તેમજ આરોપી તરફે ઉલટતપાસમાં જણાવેલ કે, એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી સીવાય બીજુ કાઈ બનેલ નથી.

(૭.૩) સદર કામે આંક–૧૫ થી ધવલભાઈ ચંદ્રકાંતભાઈ પટેલ દ્વારા જણાવેલ છે કે, આ બનાવ ૩.૮.૨૦૧૭ ના રોજ શાસ્ત્રીનગર શાક માર્કેટ પાસે સાંજ ના સુમારે બનેલ હતો. આ અરસામાં હું ફરિયાદીની દુકાનમાં નોકરી કરતો હતો. આરોપીઓ શાકભાજીનો ધંધો કરે છે. અમારે સામાન્ય બાબતે મતભેદ થતા બોલાચાલી થયેલ તે સીવાય કઈ બનેલ નહી. સદર કામે સાહેદ ફરિયાદી ની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ તેમજ સરકારપક્ષે

એપીપી શ્રી દ્વારા ઉલટ તપાસ માં પુછી શકાય તેવા સુચીત પ્રશ્નો પુછતા તેમા પણ સાહેદ દ્વારા ફરિયાદને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નહિ તેમજ આરોપી તરફે ઉલટતપાસમાં જણાવેલ કે, એ વાત ખરી છે કે, સામાન્ય બોલાચાલી સીવાય બીજુ કાઈ બનેલ નથી.

(૮) સદર કામ અન્વયે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરિયાદી તેમજ સાહેદ દ્વારા સોગંદપર જુબાની આપેલ છે જે અન્વયે ફરિયાદી તેમજ સાહેદની જુબાની ધ્યાને લેતા, ફરિયાદી તેમજ સાહેદ બંને દ્વારા ફરિયાદની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ તેમજ બંને દ્વારા જણાવેલ છે કે, સામાન્ય મતભેદ થતા બોલાચાલી થયેલ તે સીવાય કઈ બનેલ નહિ. તેમજ જણાવેલ છે આરોપીઓ દ્વારા ફરિયાદીને કોઈ બિભત્સ ગાળો આપેલ નથી કે, આરોપીઓ દ્વારા છુટી શાકભાજી કે ત્રાજવા મારેલ હોય તેવો બનાવ બનેલ નથી તેમજ ઉલટતપાસમાં જણાવેલ છે કે, માત્ર સામાન્ય બાબતે બોલાચાલી થયેલ તે સીવાય કઈ બનેલ નહિ. જે સંજોગોમાં આરોપીઓ દ્વારા ફરિયાદી કે સાહેદને છુટ્ટા બાટ કે ત્રાજવા મારેલ હોય કે બિભત્સ ગાળો બોલેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી જે સંજોગોમાં આરોપીઓ દ્વારા સદર ગુનો કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી ન હોય જે સંજોગોમાં આરોપીઓને સદર ગુનાના કામે દોષીત ઠેરવી શકાય નહિ. જે અન્વયે આરોપી દ્વારા ભારતીય દંડસહિંતાની કલમઃ ૩૨૩, ૨૯૪(ખ), ૩૩૭, ૧૧૪ મુજબના ગુના કરેલ હોય તેવુ પુરવાર થતુ ન હોય જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

ઉપર મુજબની હકીકત, કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરી શકેલ ન હોય જે અન્વયે મુદ્દા નં.૨ અન્વયે નિચે

મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**::ઃ:હુકમ::ઃ::**

(૧) આરોપી નં.(૧) રાજેશભાઈ ઉર્ફે ભુરીયો સ/ઓ પ્રવિણભાઈ સોલંકી રહે- મ.નં.૨૧, ઓમ કારેશ્વર સોસાયટી, પરષોત્તમ નગર ની સામે, ચાણક્યપુરી, ઘાટલોડીયા, અમદાવાદ. (૨) ચંપાબેન ડો/ઓ પ્રવીણભાઈ રણછોડભાઈ સોલંકી. રહે-મ.નં.ઈ/૪ તેજેન્દ્ર ફ્લેટ,રમણીમાતાના મંદિરની બાજુમાં,ઘાટલોડીયા, અમદાવાદ. (૩) પ્રવિણભાઈ રણછોડભાઈ સોલંકી. રહે- મ.નં.ઈ/૪ તેજેન્દ્ર ફ્લેટ, રમણીમાતાના મંદિરની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ. (૪) મનોજ સ/ઓ પ્રવિણભાઈ રણછોડભાઈ સોલંકી. રહે- મ.નં.૨૧, ઓમ કારેશ્વર સોસાયટી, પરષોત્તમ નગર ની સામે, ચાણક્યપુરી, ઘાટલોડીયા, અમદાવાદ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમઃ ૨૯૪(ખ), ૩૩૭, ૧૧૪ તથા મુજબ ના ગુનામાથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓને છોડીમુક્વામાં આવેલ હોય જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭-ક મુજબ અપીલ સમય બાબતનાં જામીન તેમજ જાતમુચરકા રજુ કરવા. જો આરોપી દ્વારા તે મજુબ જામીન રજુ કરવામાં આવે તો ટ્રાયલ દરમ્યાન આપવામાં આવેલ જામીન ચાલુ રાખવા .

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો**

**તારીખઃ ૧૧/૦૨/૨૦૧૯**

**મુ.અમદાવાદ**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Kalpesh Sonara, P.A.**

.